દાહોદમાં પતંગ લેવા નીકળેલા બે પિતરાઈ ભાઈના કરુણ મોત

લીમડી હાઈવે પર ખાનગી લક્ઝરી બસે બાઈકને અડફેટે કાળમુખો અકસ્માત સર્જાયો

(પ્રતિનિધિ) દાહોદ તા.15

દાહોદ જિલ્લાના લીમડી નજીક નેશનલ હાઈવે પર આવેલા કાળીમહુડી ગામે ખાનગી ટ્રાવેલ્સ અને બાઈક વચ્ચે સર્જાયેલા ભયાનક અકસ્માતમાં 9 વર્ષના બાળક સહિત બે પિતરાઈ ભાઈઓના મોત નિપજ્યા છે. ઉત્તરાયણ પૂર્વે પતંગ લેવા નીકળેલા પરિવારના ત્રણ સભ્યો પર અચાનક આવી પડેલી આ દુર્ઘટનાને પગલે સમગ્ર પંથકમાં શોક અને અરેરાટીની લાગણી વ્યાપી ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, લીમડી ગામ નજીક આવેલા કારટ ગામના વાગીવડ ફળીયાના ત્રણ પિતરાઈ ભાઈઓ બાઈક પર સવાર થઈને ઘરેથી પતંગ લેવા માટે નીકળ્યા હતા. આ દરમિયાન કાળીમહુડી ગામ પાસે એક ખાનગી લક્ઝરી બસે તેમના બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે 9 વર્ષીય બાળકનું ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું.

આ અકસ્માત બાદ અન્ય બે ઘાયલોને તાત્કાલિક સારવાર અર્થે ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં વધુ એક યુવકે સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. જ્યારે ત્રીજા યુવકને ગંભીર ઈજાઓ પહોંચતા તેની હાલત હજુ પણ નાજુક હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો અને અકસ્માત અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગરબાડામાં દોરીથી બાઈક ચાલક ઘવાયો

(પ્રતિનિધિ) ગરબાડા તા.15

દાહોદના છાપરી ગામના રહેવાસી નિલેશભાઈ ભાભોર ગતરોજ સાંજના અંદાજે ૬ વાગ્યાના સુમારે દાહોદથી નવાફળીયા ગામે પોતાની સાસરીમાં બાઈક પર જઈ રહ્યા હતા. તે દરમિયાન સાહડા ગામ નજીક અચાનક ચાઈનીઝ દોરી તેમના મોઢાના ભાગે આવી લાગી હતી. દોરી એટલી ઘાતક હતી કે મોઢા પર બાંધેલો મફલર કાપાઈ ગયો હતો અને નિલેશભાઈના હોઠ તેમજ કાનના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. સદભાગ્યે મોઢા પર મફલર બાંધેલ હોવાના કારણે તેમનો જીવ બચી ગયો હતો અને મોટી જાનહાનિ ટળી હતી, પરંતુ હોઠ કપાઈ જવાથી ભારે રક્તસ્ત્રાવ થયો હતો. અકસ્માત બાદ ઈજાગ્રસ્ત બાઈક ચાલકને તાત્કાલિક સારવાર માટે ગરબાડાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

દાહોદમાં RPFના ત્રાસથી કંટાળી શિક્ષિત ભિક્ષુક પોલ પર ચડ્યો





દાહોદ રેલવે સ્ટેશન વિસ્તારમાં ઉત્તરાયણના પાવન પર્વે એક શિક્ષિત ભિક્ષુક યુવકે RPF પોલીસ દ્વારા કરવામાં આવતા કથિત અન્યાય અને મારઝૂડથી કંટાળી 60 ફૂટ ઊંચા હાઈવોલ્ટેજ રેલવે પોલ પર ચડી આત્મહત્યાનો પ્રયાસ કરતા ચકચાર મચી ગઈ હતી,. યુવકે પોલ પર ચડતા પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સંબોધીને પોતાની વ્યથા ડાયરીમાં લખી હતી. ઘટનાની જાણ થતા જ RPF, GRP, ફાયર બ્રિગેડ અને 112 જન રક્ષક દળની ટીમોએ ઘટનાસ્થળે પહોંચી ભારે સમજાવટ બાદ યુવકને સહીસલામત નીચે ઉતારી રેસ્ક્યુ ઓપરેશન સફળ બનાવ્યું હતું. હાલ સમગ્ર મામલે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

દાહોદની જી. પી. ધાનકા હાઈસ્કૂલ દ્વારા વાર્ષિક રમતોત્સવની ભવ્ય ઉજવણી કરાઇ

દાહોદ | દાહોદના સરદાર સ્ટેડિયમ ખાતે જી. પી. ધાનકા હાઈસ્કૂલ દ્વારા વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનું ઉદ્ઘાટન ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી અને અન્ય મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવમાં વિદ્યાર્થીઓએ દોડ, કબડ્ડી, ગોળા ફેંક, ચક્ર ફેંક અને ક્રિકેટ જેવી કુલ આઠ જેટલી વિવિધ રમતોમાં ખૂબ જ ઉમળકાભેર ભાગ લઈ પોતાની રમત પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહેમાનો દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન કરવામાં આવ્યું હતું અને શાળાના આચાર્યશ્રીએ તમામ આમંત્રિત મહેમાનોનું શાબ્દિક અભિવાદન કર્યું હતું. સુપરવાઇઝર દેવેન્દ્રભાઈ પરમારના સંચાલન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ અને ડી.ઈ.ઓ. કચેરીના અધિકારીઓ પણ વિશેષ હાજર રહ્યા હતા.

નવજીવન સાયન્સ કોલેજમાં 'ઈકોનોમિક ઝુલોજી' પર વ્યાખ્યાન યોજાયું

દાહોદ | દાહોદની નવજીવન સાયન્સ કોલેજમાં 12મી જાન્યુઆરીએ સ્વામી વિવેકાનંદ જયંતિ નિમિત્તે પ્રાણીશાસ્ત્ર વિભાગ, ઇનોવેશન સેલ અને NSS દ્વારા ઈકોનોમિક ઝુલોજી: સ્વરોજગારી અને તકો વિષય પર વિશેષ વ્યાખ્યાન યોજાયું હતું. મુખ્ય વક્તા અને વૈજ્ઞાનિક ડો. રાધારાણીએ વિદ્યાર્થીઓને મરઘા પાલન, મધમાખી પાલન અને વર્મીકમ્પોસ્ટિંગ જેવા વિષયો દ્વારા આર્થિક ઉપાર્જન અને ગ્રામીણ વિકાસમાં યોગદાન આપવા ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને માત્ર પુસ્તકિયું જ્ઞાન મેળવવાને બદલે સ્વામી વિવેકાનંદના વિચારો મુજબ આત્મનિર્ભર બની પ્રગતિ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યકારી આચાર્ય ડો. જી. જે. ખરાદી અને સ્ટાફ મિત્રોના સહયોગથી આયોજિત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાઈને આત્મનિર્ભરતાની પ્રેરણા મેળવી હતી.

લીમખેડામાં ભગવાન વીર માંધાતાની પ્રતિમાનું ભવ્ય લોકાર્પણ કરાયું

લીમખેડ | લીમખેડાના વિશ્રામ ગૃહ ચોકડી પાસે સાંસદ જશવંતસિંહ ભાભોર અને ધારાસભ્ય બચુભાઈ ખાબડના હસ્તે કોળી સમાજના આરાધ્ય દેવ ભગવાન વીર માંધાતાની ભવ્ય પ્રતિમાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હસથેશ્વર મહાદેવ મંદિરથી હનુમાનજી મંદિર ચોકડી સુધી ડીજેના તાલે ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી, જેમાં સમાજના હજારો લોકો નાચતા-કૂદતા જોડાયા હતા. આ કાર્યક્રમમાં કોળી સમાજના અગ્રણીઓ અને હજારો યુવાનોની ઉપસ્થિતિમાં સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. આ ઐતિહાસિક પળે સમાજમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો અને મોટી સંખ્યામાં જનમેદની ઉમટી પડી હતી.

પાવાગઢમાં 24 કરોડ નવાર્ણ મંત્ર આહુતિ અનુષ્ઠાનનો પ્રારંભ

હાલોલ | યાત્રાધામ પાવાગઢ ખાતે નવનિર્મિત યજ્ઞશાળાના લોકાર્પણ પ્રસંગે ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર અને ટ્રસ્ટીઓની ઉપસ્થિતિમાં વિશ્વમાં પ્રથમ વખત 24 કરોડ નવાર્ણ મંત્ર આહુતિ અનુષ્ઠાનનો વૈદિક વિધિ સાથે શુભારંભ થયો છે. ત્રણ દિવસીય 'સહસ્ત્ર ચંડી મહાયજ્ઞ'ની સફળ પૂર્ણાહુતિ બાદ, 15મી જાન્યુઆરીના રોજ સવારે વિશ્વ શાંતિના સંકલ્પ સાથે આ ઐતિહાસિક હવનનો આરંભ કરવામાં આવ્યો હતો.

દાહોદમાં પોલીસ પર હુમલો કરનારા બાપ-દીકરો પકડાયાં

બુટલેગરોએ પોલીસ કોન્સ્ટેબલના માથામાં કુહાડીનો ઘા ઝીંક્યો

(પ્રતિનિધિ) દાહોદ તા.15

દાહોદ તાલુકાના રળીયાતી ગામે ઓળીઆંબા ફળિયામાં પ્રોહીબિશનની રેડ કરવા ગયેલા પોલીસ કોન્સ્ટેબલ પર કુહાડી વડે જીવલેણ હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડનાર બુટલેગર પિતા-પુત્રની જોડીને દાહોદ તાલુકા પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.

દાહોદ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ સંતોષભાઈ રમેશભાઈ ડામોરને બાતમી મળી હતી કે રળીયાતી ગામના ઓળીઆંબા ફળિયામાં રહેતો તુષારભાઈ મોતીભાઈ ગણાવા પોતાના ઘરે વિદેશી દારૂનો વેપલો કરે છે. આ બાતમીના આધારે જ્યારે પોલીસ કર્મી રેડ કરવા પહોંચ્યા ત્યારે બુટલેગર તુષાર અને તેના પિતા મોતીભાઈ અનુપભાઈ ગણાવા ત્યાં હાજર હતા. પોલીસે અગાઉ કરેલી રેડની રીસ રાખીને બંનેએ ઉશ્કેરાઈ જઈ પોલીસ કર્મીને અપશબ્દ કહ્યાં હતાં.

આ હુમલા દરમિયાન તુષાર ગણાવાએ પોલીસ કર્મી સંતોષભાઈને મારી નાખવાના ઈરાદે માથાના ડાબી બાજુના ભાગે કુહાડીનો ઘા ઝીંકી ગંભીર ઈજા પહોંચાડી હતી અને બંને આરોપીઓ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. આ મામલે તાલુકા પોલીસે સરકારી કર્મચારી પર હુમલો અને ફરજમાં રૂકાવટનો ગુનો દાખલ કરી તપાસ તેજ કરી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં જ બંને બુટલેગર બાપ-દીકરાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઉતરાયણના પર્વે પૂરતો પવન ન ફૂંકાતા પતંગોત્સવનો ઉત્સાહ ફિક્કો પડ્યો

કાલોલ અને વેજલપુરમાં પવનના અભાવે પતંગરસિયા નિરાશ થયા

લોકો પવનની રાહ જોતા અગાશી પર બેસી રહ્યાં, આકાશ સૂનું રહ્યું

(પ્રતિનિધિ) કાલોલ તા.15

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકા અને વેજલપુરમાં આ વર્ષે ઉતરાયણના પવિત્ર પર્વ પર પવન ન ફૂંકાતા પતંગરસિયાઓમાં ભારે નિરાશા જોવા મળી હતી. દર વર્ષે 14મી જાન્યુઆરીએ રંગબેરંગી પતંગોથી છવાઈ જતું આકાશ પવનના અભાવે આ વખતે સાવ સૂનું જણાયું હતું.

કાલોલ તાલુકાના પતંગપ્રેમીઓ સવારથી જ પતંગ, દોરી અને ફીરકીઓ સાથે પોતપોતાની અગાશી પર ચઢી ગયા હતા, પરંતુ દિવસભર પૂરતો પવન ન મળતા પતંગ ઉડાડી શકાઈ નહોતી. બાળકો, યુવાનો અને વડીલો કલાકો સુધી પવન આવવાની રાહ જોઈને બેસી રહ્યા હતા, પરંતુ અંતે નિરાશ થઈ પતંગો મૂકી દેવાની નોબત આવી હતી.

તાલુકાના અનેક વિસ્તારોમાં લોકોએ માત્ર ઔપચારિક રીતે એકાદ પતંગ ઉડાડી સંતોષ માન્યો હતો, જેના કારણે આ વર્ષે ઉતરાયણનો ઉત્સાહ ફિક્કો પડ્યો હતો. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, છેલ્લા ઘણા વર્ષોમાં આવું ભાગ્યે જ બન્યું છે કે ઉતરાયણના દિવસે જ પવન ન હોવાથી પતંગોત્સવની ઉજવણી પર માઠી અસર પડી હોય. બપોર પછી પવન ફૂંકાવાની આશા વચ્ચે પણ સમગ્ર દિવસ દરમિયાન પતંગરસિયાઓની ખુશીમાં ઘટાડો જોવા મળ્યો હતો.

સુખસર પાસે બે મોટરસાયકલ વચ્ચે અકસ્માત થતાં સાતને ઈજા

મકવાણાના વરુણા આશ્રમશાળા પાસે સર્જાયેલી દુર્ઘટનામાં બે ગંભીર

(પ્રતિનિધિ) સુખસર તા.15

સુખસર તાલુકાના નાના-મોટા જાહેર માર્ગો ઉપર દિન પ્રતિદિન ટુ-વ્હીલર વાહન ચાલકોના અકસ્માતોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. 14 જાન્યુઆરી 2025ના રોજ મકવાણાના વરુણા આશ્રમશાળા પાસે હાઈવે માર્ગ ઉપર બે મોટરસાયકલો વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં કુલ સાત લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે. અકસ્માતની જાણ થતા જ 108 એમ્બ્યુલન્સ દ્વારા તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક ઝાલોદ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર, કાળીયા ગામના બિપીનભાઈ નાનજીભાઈ મછાર તેમની મોટરસાયકલ (GJ-20-AA-8024) પર ડિમ્પલબેન અને પાયલબેન સાથે સુખસરથી સામાન લઈને પરત ફરી રહ્યા હતા. બપોરે આશરે ત્રણ વાગ્યાના અરસામાં વરુણા આશ્રમશાળા પાસે સામેથી પૂરપાટ ઝડપે આવી રહેલી અન્ય એક મોટરસાયકલે (GJ-20-AG-4634) તેમની બાઈકને અડફેટમાં લીધી હતી. આ સામેની મોટરસાયકલ પર ચાર સવાર હતા.

આ અકસ્માતમાં બિપીનભાઈ મછારને માથા અને હાથ-પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જ્યારે ડિમ્પલબેન અને પાયલબેનને પણ ઈજાઓ થઈ હતી. સામેની મોટરસાયકલ પર સવાર ચાર વ્યક્તિ પૈકી એકને ગંભીર અને અન્ય ત્રણને નાની-મોટી ઈજાઓ થઈ હતી.

ઈજાગ્રસ્તોની ગંભીરતા જોતા, બંને મોટરસાયકલ ચાલકોને પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે દાહોદ રીફર કરવામાં આવ્યા છે. અકસ્માત સ્થળે બંને વાહનોની હાલત જોતા અકસ્માત ઘણો ભયાનક જણાઈ રહ્યો હતો, પરંતુ સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી. હાલમાં તમામ ઈજાગ્રસ્તોની તબિયતમાં સુધારો હોવાનું જાણવા મળ્યું છે.

પંચમહાલમાં ઉત્તરાયણની સવારે ધુમ્મસનું સામ્રાજ્ય

પંચમહાલ જિલ્લાના અનેક વિસ્તારોમાં ઉત્તરાયણની વહેલી સવારે ઘાટા ધુમ્મસની ચાદર છવાઈ જતાં દ્રશ્યતા (વિઝિબિલિટી) નહિવત થઈ ગઈ હતી. આ અસાધારણ ધુમ્મસને કારણે માર્ગો પરથી પસાર થતા વાહનચાલકોએ અકસ્માતથી બચવા માટે લાઈટો ચાલુ રાખી અત્યંત ધીમી ગતિએ મુસાફરી કરવાની ફરજ પડી હતી. ધુમ્મસને કારણે સૂર્યદેવના દર્શન મોડા થતા અને સમગ્ર પંથકમાં ઠંડકનું મોજું ફરી વળતા પતંગબાજીના ઉત્સાહ પર પણ વહેલી સવારે અસર જોવા મળી હતી. જોકે, દિવસ ચઢતા ધુમ્મસ દૂર થતા પતંગરસિયાઓએ આકાશમાં પતંગો ચગાવવાનો આનંદ લીધો હતો.

કાલોલમાં કોર્પોરેટર સહિત 4 મહિલાએ આગોતરા મુક્યા

પોલીસ સાથે ગેરવર્તન મામલે કાઉન્સિલર સહિત પાંચ સામે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) કાલોલ તા.15

કાલોલમાં ગત મંગળવારે પોલીસ કર્મચારીઓ સાથે દબંગાઈ અને ગેરવર્તન કરવાના ચકચારી કેસમાં કાયદાકીય કાર્યવાહી તેજ બની છે. આ કેસમાં અટકાયત કરાયેલ આરોપી પ્રતીક જોષીની જામીન અરજી કોર્ટે મંજૂર કરી છે, જ્યારે ધરપકડના ડરથી કાલોલ નગરપાલિકાના કાઉન્સિલર જ્યોત્સનાબેન બેલદાર સહિત ચાર મહિલાઓએ હાલોલ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી છે,.

કાલોલ એમજીએસ ગરનાળા પાસે મંગળવારે કાળા કાચવાળી કારમાં સવાર શખ્સોએ પોલીસ સાથે બોલાચાલી કરી હતી. આ દરમિયાન સ્થળ પર પહોંચેલા કાઉન્સિલર જ્યોત્સનાબેન બેલદારે પોલીસ ઈન્સ્પેક્ટર આર.ડી. ભરવાડ અને સ્ટાફ સાથે ગંદી ગાળાગાળી કરી ગંભીર ધમકીઓ આપી હતી. તેઓએ પોલીસને તારા બાપની ગાડી નથી અને જીવતા જવા નહીં દઈએ કહીને હુમલો કર્યો હતો, જેમાં બે મહિલા કોન્સ્ટેબલને ઈજાઓ પહોંચી હતી અને એકને હાડકામાં ફ્રેક્ચર આવ્યું હતું.

આ ઘટના બાદ પોલીસે ગેરકાયદેસર મંડળી બનાવી હુમલો કરવા બદલ ગુનો નોંધ્યો હતો. કેસના મુખ્ય આરોપી પ્રતીક જોષી હાલ જ્યુડિશિયલ કસ્ટડીમાં હતા, જેમની જામીન અરજી હાલોલના એડિશનલ સેશન્સ જજ બી.ડી. પરમારે ગત ગુરુવારે મંજૂર કરી હતી. બીજી તરફ, કાઉન્સિલર જ્યોત્સનાબેન, વર્ષાબેન, નેહાબેન અને પ્રિયંકાબેન દ્વારા દાખલ કરવામાં આવેલી આગોતરા જામીન અરજી પર હાલ સુનાવણી ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે,.

ફતેપુરામાં કતલખાને જતા 12 પશુને બચાવાયાં : ચાર શખસની ધરપકડ

ગૌરક્ષક સમિતિએ બાવાની હથોડ ગામે વોચ ગોઠવી પશુઓને ક્રૂરતાથી લઈ જતા બે વાહનો પકડી પાડ્યા

(પ્રતિનિધિ) સુખસર, તા.14

ફતેપુરા તાલુકાના મોટા શરણૈયા ગામથી રાજસ્થાનના કતલખાને ક્રૂરતાપૂર્વક લઈ જવાતી 12 પશુને ગૌરક્ષક સમિતિએ બાવાની હથોડ ગામેથી ઝડપી પાડી હતી. આ મામલે ફતેપુરા પોલીસે પશુ હેરાફેરીમાં સંડોવાયેલા રાજસ્થાનના ચાર શખ્સોની ધરપકડ કરી બે વાહનો સહિત કુલ 6.40 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.,

બાતમીના આધારે વોચ ગોઠવી પ્રાપ્ત વિગતો મુજબ, ગૌરક્ષક સમિતિના પ્રમુખ પંકજકુમાર અગ્રવાલને બાતમી મળી હતી કે મોટા શરણૈયા ગામેથી પશુઓ ભરીને વાહનો રાજસ્થાન તરફ જનાર છે., આ હકીકતના આધારે સમિતિના સભ્યોએ બાવાની હથોડ તરફ જતા રસ્તા પર વોચ ગોઠવી હતી. રાત્રિના સમયે ત્યાંથી પસાર થતા એક ટાટા 407 ટેમ્પો (RJ-09-GD-9942) અને તેની પાછળ આવતા મહિન્દ્રા પીકઅપ ડાલા (RJ-53-GA-1572) ને અટકાવવામાં આવ્યા હતા.,

તપાસમાં ક્રૂરતાપૂર્વક બાંધેલી ભેંસો મળી આવી આ વાહનોની તલાશી લેતા ટાટા ટેમ્પોમાંથી સાત અને પીકઅપ ડાલામાંથી પાંચ મળી કુલ 12 ભેંસો ટૂંકા દોરડાથી ક્રૂરતાપૂર્વક બાંધેલી મળી આવી હતી., પકડાયેલા શખ્સોમાં દિનેશભાઈ માંગુભાઈ વણઝારા, વકીલભાઈ રામાભાઈ વણઝારા, નાગજીરામ સોજીરામ વણઝારા અને પ્રકાશભાઈ સવજીભાઈ વણઝારા (તમામ રહે. મોડેરડા, જી. ચિત્તોડગઢ, રાજસ્થાન) નો સમાવેશ થાય છે.

પોલીસ કાર્યવાહી અને મુદ્દામાલ ફતેપુરા પોલીસે પશુઓ પ્રત્યે ક્રૂરતા પ્રતિબંધ અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. પોલીસે 2.40 લાખની કિંમતની ભેંસો, 3.70 લાખની કિંમતના બે વાહનો અને 3 હજારના મોબાઈલ મળી કુલ 6.40 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. તમામ પશુઓને સુરક્ષિત રીતે પાંજરાપોળ ખાતે મોકલી આપવામાં આવ્યા છે.